હું અહીં વ્યક્ત થાઉં...
અથાણાથી અધ્યાત્મ સુધી.

એમાં મારો આનંદ, મારો અણગમો,
મારું મનમંથન, મારી ઉદાસી,
મારો ગુસ્સો, મારો કટાક્ષ,
મારું અવલોકન, મારો અભિપ્રાય હોય.
એ બધું મારું છે.

મારા મનમાંથી આવ્યું છે.
એ મારો કોઈ ચિરકાલીન ભાવ પણ હોય
ને તત્કાલીન, અલ્પકાલીન પ્રતિભાવ પણ હોય.

હું કાર્યક્રમોમાં જાઉં.
હું પ્રવાસમાં ફરું.
હું નિરુદ્દેશ રખડું.
હું ગંભીર બેઠકમાં જાઉં.

હું મારા પરિવાર સાથે હોઉં.
હું નાનકડી પૌત્રીનો ઘોડો થાઉં.
હું મિત્રો સાથે જલસા કરું.
હું મારા ઘરમાં હીંચકે ઝૂલતો હોઉં.
એ સઘળે ઠેકાણે હું જ હોઉં છું...
હુંનો હું જ... પણ જુદો જુદો હોઉં છું.

મારી દૃષ્ટિનો લેન્સ સતત એક ખૂણે જ ફિટ ન રહે.
એકધાર્યા એના એ જ રહેવાનો મને તો થાક લાગે.
કૅલિડોસ્કૉપ જેવું જ કૈં.
નિત્યનૂતના રહેવાય તો રહેવું ગમે, મને.
અભાવ મારો સ્વભાવ બની જાય તે પહેલાં ચેતી જાઉં છું
જગત સુધારવા કરતાં સ્વીકારવા જેટલી કેળવી છે મારી લાયકાત.

■

સમય જતાં એક છબી ઘડાઈ જાય છે આપણી. અલબત્ત, એ ઘડાવામાં આપણેય જવાબદાર તો ખરા જ. આપણે અમુક બાબતો વિષે અમુક રીતે જ પ્રતિભાવ કે પ્રત્યાઘાત આપતા રહ્યા. આપણા અણગમા વાચાળ. આપણા મનગમાય બોલકા. પરિણામે એને આધારે જ પૂર્વધારણા થાય છે આપણાં વાણી વર્તન વ્યવહારની. ને પછી આપણે એને અનુરૂપ જ વર્તવું પડે છે. લોકો આપણને આપણી છબી બદલવા નથી દેતા.

પણ એમ તે કેમ ચાલે?

પસંદ–નાપસંદ બદલાય પણ ખરી.
સંજોગ બદલાય. સ્વભાવ બદલાય.
ભૂલ સમજાય ને કબૂલાય, તો સુધારીય શકાય.

પણ, આપણા એક સમયના અણગમાની ફ્રેમમાંથી
બહાર જ નથી આવવા દેવાતો
આપણા જૂના પ્રતિભાવનો ફોટો.

હું એનો એ જ...
પરંતુ કોઈક વાર ઝભ્ભો પહેરું છું.
કોઈક વાર સૂટ તો કોઈ વાર ધોતી...
કોઈક વાર ટ્રૅક પેન્ટ ને ક્યારેક શૉર્ટ્સ.
હું બદલતો રહું છું મારાં વસ્ત્રો.
એ બદલે છે મારો દેખાવ, પ્રસંગાનુસાર.
ને મને ગમે છે એ.

કોઈક એક જ રૂપમાં દરેક ક્ષણે
એકધારા એના એ જ લાગ્યા કરવાનું મને ન ગમે.

એટલા ગરીબ ન બનવું કે
તમારા વિષે પૂર્વધારણા થાય ને
તમે પણ એને અનુસરતા જ રહો.

■

બહુ મજાનું હોય છે ઘર.
બહુ મજા પડે છે ઘરનાં લોકો સાથે જીવવાની.

બધું જ કૈં ગમતું ગમતું થાય એવું નહીં.
બધું જ કૈં અણગમતું થાય એવુંય નહીં.
ગમતું કે અણગમતું થાય અને કહેવાય એવુંય નહીં.

ઘર અને ઘરનાં સાથે
સંવાદની ભાષા ને રીત જુદાં જ હોય.

તો જરૂર થાય પ્રત્યાયન.
I mean communication.

ગૅલેરીમાં ઠીબ લટકે છે.

આંગણું હવે પાર્કિંગ પ્લૉટ છે. છોકરાંઓને રમવું હોય તોય જગ્યા નથી. હા, મોટેરાં પ્રસંગ ઊજવવા માંગે ત્યારે જગ્યા થઈ જાય છે! પણ પંખી લગભગ તો આવવાનું ટાળે છે. આંગણાનાં વૃક્ષ પરથી ઊડીને ગૅલેરીમાં આવે છે. એમની આ મહેનત નિષ્ફળ ન જાય એટલે ઠીબ અહીં ખુલ્લામાં રાખી છે.

પંખીનું વૈવિધ્ય છે.
સાવ ઝીણકી અમથી ચકલી જેવાં ય આવે છે.
પ્રયત્ન કરું તો નામ તો જાણી લઉં પણ બીજો પરિચય નથી.
અજાણ્યાંની સાથે સાથે જે આવે છે
એમાંથી કેટલાંકને ઓળખું પણ છું,
કેટલાંક ધીમે ધીમે ઓળખાય છે.
પેલા દિવાળી ઘોડો જેવાં વળી એના સમયે ડોકાય તો
કબૂતર રોજ આવે... પડ્યાં ને પાથર્યાં... ગંદકીય કરે,
પણ નિયમિત ખરાં.
ચકલીઓ દેખાતી નથી, એમની જગ્યા ખિસકોલાંએ લીધી છે.
વાંસના પરદામાં ઘર બનાવે છે.
સામે ચેનલના તાર પર પોપટ બેસે છે.
જુએ છે પણ આવતા નથી. કદાચ એમને ઠીબમાં રસ નથી.
કદાચ મને ખબર ન હોય એમ સવારે આવતા પણ હોય.

કાબર સવારે આવે.
કાબરની કલબલ કર્કશ નથી,
એ અમથી બદનામ છે.
હોલાનું ઘૂ ઘૂ અમારી બપોરની કંપની.
તો કાગડા સવારે આવીને ગૅલેરીની પાળે બેસીને બોલે,
પણ રોજ તો મહેમાન કોણ આવે?
હવે તો મોબાઇલ ફોન પર જ વાત કરી લે બધા.
ને પૂછ્યા કહ્યા વગર કોઈ ન આવે.

મોર બાજુના ઘરનાં આંગણમાં આવે છે,
ગૅલેરી સુધી તો ક્યાંથી આવે?

આમ તો એક સમળી પણ પેધી પડી છે.
એને ખબર પડી ગઈ છે કે અમે ઘરમાં પણ પંખી પાળ્યાં છે.
એમને એ ડરાવવામાં સફળ થાય છે.
કાગડો પણ એનો સાથી છે,
પણ બંને અંતર જાળવે છે એકમેકથી.
લેલાંને અમે સેવન સિસ્ટર્સ કહીએ છીએ.

શિયાળામાં આવતાં પંખીમાં
કેટલાંક પરદેશી પંખી હોય એવુંય સાંભળ્યું છે.
પંખીમાં ભેદભાવ તો ન કરું પણ
આટલે દૂરથી આવ્યાં હોય તો
વિશેષ આદરનાં અધિકારી પણ ગણું.

બધાંનો પરિચય પણ નથી.
પણ કેટલાંક મીઠું ટહુકે
તો કેટલાંકનો અવાજ કાનને વાગે એવોય છે.
કેટલાંકનો કલબલાટ અકળાવે, પણ શાંત ન પડે.
અંદર અંદર વાતે વળગે છે સેવન સિસ્ટર્સ.
એમાં કોઈ બ્રધર પણ હશે કે?

પંખીડાં ઠીબ પાસે આવીને
મને ગમતા અવાજ પણ કરે ને કાનને વાગતા અવાજ પણ કરે.
ઠીબ ભલે મારી છે પણ અવાજ એમના છે. એમની ઇચ્છા.
હું ઠીબ દૂર કરી દઉં તો અણગમતા અવાજ જાય,
પણ તો પછી બીજા અવાજ પણ શાંત થઈ જાય.

ઠીબ છે તો બધાં છે ને બધું છે.
ઠીબ જાણે આમંત્રણ છે ને પંખી મહેમાન.

■